**સ્પે.દિ.મુ.નં.૩૬૦/૨૦૦૪ ના કામે આંક–૧ હેઠળ હુકમ :–**

– કેસનુ રેકર્ડ વંચાણે લેતાં સદર દાવો ૧૫ વર્ષ જુનો છે. કેસનું રેકર્ડ જોતાં લાંબા સમયથી આ કામે વાદીઓ કે પ્રતિવાદીઓ હાજર રહેતા નથી. તેમના તરફે કોઈ વકીલશ્રી હાજર રહેતા નથી. પ્રોસેસ બજવાના બાકી છે તેમજ ઘણાં કેસોમાં અમૂકને પ્રોસેસ બજેલ છે અને જવાબ રજૂ થયેલ છે તેમજ અમૂક કેસમાં વાદીઓને નોટીસો કરેલ છે જે બજે વગર બજે પરત નથી તેમજ અમૂક કેસોમાં જાહેર પ્રસિઘ્ધીની અરજીઓ થયેલ છે અને મંજુર થયેલ છે અને તે માટેનો હાથ બીડો લેવા માટે કોઈ હાજર થતુ નથી. પ્રોસીડીંગ્સ જોતાં લાંબા સમયથી કોઈ પક્ષકાર હાજર રહેતા નથી. સદર કામો ઘણી વખત લોક અદાલતમાં પણ રાખવામાં આવેલ છે અને નોટીસો પણ કાઢવામાં આવેલ. પરંતુ રેકર્ડમાં સામેલ કરેલ હોય તેવું જણાતુ નથી. અમૂક કેસોમાં પોસ્ટકાર્ડ પણ લખવામાં આવેલ છે. પરંતુ આજ દિન સુધી પક્ષકારો હાજર થયેલ નથી જેથી પક્ષકારોને તેમની કાર્યવાહી આગળ ચલાવવામાં કોઈ રસ ન હોવાનું જણાઈ આવે છે તેમજ સદરહું કામ જુના હોય અવાર નવાર નામદાર હાઈકોર્ટ અને નામદાર સુપ્રિમ કોર્ટ ઘ્વારા જુના કેસોનો ત્વરીત નીકાલ થાય તેવી સુચના આપેલ હોય. પુરતી તક આપવા છતાં કોઈ હાજર થતુ ના હોય તેવાં સંજોગોમાં કોર્ટ પાસે દાવો ડીસ્મીસ કરવા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી તેમ ઠરાવી વાદીનો દાવો તેમની કસુરના કારણે અને પક્ષકારોની ગેરહાજરીના કારણે રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૦૩/૦૮/૨૦૧૯ નાં રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

Sd/-

(બી. આર. વાઘેલા)
GJ00993
બીજા એડીશનલ સીનીયર સીવીલ જજ
અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર.